ગુજરાતમિત્ર
તથા ગુજરાતદર્પણ સ્થાપના:૧૮૬૩

# પંચમહાલ-દાહોદ

મંગળવાર ૧૭ માર્ચ, ૨૦૨૬ | દાહોદ કાર્યાલય : સોનીવાડ, રાધાકૃષ્ણ મંદિર પાસે, દાહોદ. ફોન નં. 02673-243785 

### કાલોલમા તસ્કરોનો તરખાટ, લોકોમાં ફફડાટ વ્યાપ્યો

## ગોકુલધામ અને ઝાંપા બજાર વિસ્તારમાં ચોર ટોળકી સીસીટીવીમાં કેદ થઈ

(પ્રતિનિધિ) કાલોલ, તા.16

કાલોલ નગરમાં છેલ્લા કેટલાક સમયથી તસ્કરોએ માથું ઊંચક્યું છે. ગોધરા રોડ પર આવેલી ગોકુલધામ સોસાયટી અને ઝાંપા વિસ્તારમાં રાત્રિના સમયે તસ્કરો બિન્દાસ્ત આંટાફેરા મારતા હોવાના દ્રશ્યો સીસીટીવી કેમેરામાં કેદ થતા નગરજનોમાં ફફડાટ વ્યાપી ગયો છે. તસ્કરોની મોડસ ઓપરેન્ડી મોઢે રૂમાલ બાંધીને ચોરીનો પ્રયાસ ગોધરા રોડ સ્થિત ગોકુલધામ સોસાયટીમાં ચાર જેટલા અજાણ્યા ઈસમો મોઢા પર રૂમાલ બાંધીને એક બંધ મકાનનું તાળું તોડતા સીસીટીવી ફૂટેજમાં દેખાઈ રહ્યા



છે. આ તસ્કરો રાત્રિના અંધકારનો લાભ લઈ નિર્ભયપણે મકાનોને નિશાન બનાવી રહ્યા છે. આ ઉપરાંત, મહાકાળી મંદિર રોડ પર પણ તસ્કરો એક મકાનમાંથી બહાર નીકળતા હોવાના ફૂટેજ સામે આવ્યા છે, જે દર્શાવે છે કે તસ્કરોએ આખા નગરને બાનમાં લીધું છે.ઉલ્લેખનીય છે કે, તાજેતરમાં જ રાવળ ફળિયા પાસે આવેલ ઓમ ટેનામેન્ટમાં નરવતસિંહ રાઠોડના મકાનને ચોરોએ નિશાન બનાવ્યું હતું. આ ઘટનામાં તસ્કરો મકાનમાંથી રોકડ રકમ અને કિંમતી દાગીનાની ચોરી કરી ફરાર થઈ ગયા હતા ત્યાં બીજી તરફ સીસીટીવીમાં તસ્કરોની અવરજવર દેખાતા લોકોની ઊંઘ હરામ થઈ ગઈ છે.નગરના અવાવરુ વિસ્તારો અને સોસાયટીઓમાં પોલીસ પેટ્રોલિંગના અભાવે તસ્કરોને છૂટો દોર મળી રહ્યો હોવાનું લોકમુખે ચર્ચાઈ રહ્યું છે. સ્થાનિક રહીશોની માંગ છે કે રાત્રિના સમયે પોલીસ પેટ્રોલિંગ વધારવામાં આવે. શંકાસ્પદ વ્યક્તિઓની પૂછપરછ કરવામાં આવે. બીટ ચોકીના પોલીસ કર્મીઓ દ્વારા સોસાયટીઓમાં સતત વોચ રાખવામાં આવે.કાલોલ પોલીસ દ્વારા સીસીટીવી ફૂટેજના આધારે તસ્કરોનું પગેરું દબાવવાની કામગીરી હાથ ધરવામાં આવે તેવી લોકલાગણી પ્રવર્તી રહી છે.

### દાહોદ જિલ્લા કાર્યપાલક ઇજનેર દ્વારા રિપેરીંગ કામમાં ગેરરિતી આચરાઇ

## નદીઓ પર બનેલા બ્રિજની પાળી પર તિરાડો જોવા મળી, ભ્રષ્ટાચારના આક્ષેપ

**કાર્યપાલક** ઇજનેર ને દાહોદ જિલ્લાના વિકાસમાં કોઈપણ પ્રકારનો રસ નથી તેવી લોકોમાં ચર્ચા



(પ્રતિનિધિ) દાહોદ, તા.15

કાર્યપાલક ઈજનેર માર્ગ અને મકાન વિભાગ દાહોદ નાઓ નાયબ કાર્યપાલક ઈજનેર થી લઈ આજ દિન સુધી કાર્યપાલક ઈજનેર તરીકે ઘણા લાંબા વર્ષોથી પ્રમોશન લઈ દાહોદ જિલ્લાના આદિવાસી બહુલ્ય વસ્તી ધરાવતા વિસ્તારમાં ભારત સરકાર અને રાજ્ય સરકારશ્રીની મહત્વકાંક્ષી જિલ્લામાં નવીન વિકાસના કામોની અબજો રૂપિયાની ગ્રાન્ટો બજેટમાં જોગવાઈ કરવામાં આવેલ છે . જેમાં લીમડી ચાકલીયા અનાસ નદી બ્રીજ, લીમડી ચાકલિયા ખારવા બ્રિજ , લીમડી ચાકલિયા કાલી બ્રીજ , કચુંબર વાકોલ માછણ નદી બ્રિજ આ તમામ બ્રિજ ના મેન્ટેનન્સ ના ખર્ચાઓ કરી કરોડો રૂપિયા ચાઉ કરેલ હોય તેવું લોક મુખેથી સાંભળવા મળ્યું છે.

સદર કાર્યપાલક ઈજનેર ને દાહોદ જિલ્લાના વિકાસમાં કોઈપણ પ્રકારનો રસ નથી અને ગ્રાન્ટો વિકાસના કામોમાં વપરાયા વગર પરત ( લેફ્ટ ) રાજ્ય સરકારમાં પરત થાય છે. આવા બીન જવાબદાર અધિકારીની મધ્ય ગુજરાતના આદિવાસી જિલ્લાઓ સિવાય સરકારના બિન કાર્યક્ષમ વિભાગમાં બદલી કરવા માટે સ્થાનિક જનતામાં તેઓના વિરોધમાં ભારે રોષ છે. તો આ બાબતે રાજ્ય સરકારે થર્ડ પાર્ટી તપાસ કરાવી કાર્યપાલક ઈજનેર દાહોદના સમય કાળ દરમિયાનના દાહોદ જિલ્લાના તમામ તાલુકા કક્ષાના હલકી કક્ષાના બાંધકામ કરેલ કામોની તેમજ પુલના મેન્ટેનન્સના કામોમાં કરોડો રૂપિયાના સરકારના ખોટા ખર્ચા કરી ગ્રાન્ટો ચાઊ કરેલ હોય જેની તપાસ તટસ્થ અને ન્યાયિક અધિકારી પાસે કરાવવા લોકમાંગ ઉઠી છે.

## ગોધરાની શેઠ પી.ટી. આર્ટસ એન્ડ સાયન્સ કૉલેજ ખાતે ‘સરદાર પટેલ લાઈફ એન્ડ વર્ક’ વિષય પર સેમિનાર

(પ્રતિનિધિ) ગોધરા, તા.16

ગોધરાની શેઠ પી.ટી. આર્ટસ એન્ડ સાયન્સ કૉલેજ ખાતે સરદાર પટેલ લાઈફ એન્ડ વર્ક વિષય પર બે દિવસીય નેશનલ સેમિનારનું ભવ્ય આયોજન કરવામાં આવ્યું હતું. ઉદ્ઘાટન સમારોહમાં વાઈસ ચાન્સેલર પ્રો. ડો. હરિભાઈ કાતરીયાએ અધ્યક્ષ સ્થાનેથી સરદાર પટેલના નીડર વ્યક્તિત્વ વિશે પ્રેરક ઉદાહરણો પૂરા પાડ્યા હતા. પંચમહાલ શિક્ષણ પ્રચારક મંડળના પ્રમુખશ્રી ભૂપેશભાઈ શાહ વિશેષ ઉપસ્થિત રહ્યા હતા. આચાર્યશ્રી ડો. એમ. બી. પટેલે સ્વાગત પ્રવચન અને સેક્રેટરી ડો. સુરેશ પટેલે મહેમાનોનો પરિચય કરાવ્યો હતો. પ્રથમ દિવસે ગુજરાત સ્ટેટ આર્કાઈવઝના ડાયરેક્ટર ડો. શૈલેષ સોલંકીના સહયોગથી કૉલેજ લાઈબ્રેરીમાં



સરદાર પટેલના અસલ દસ્તાવેજોનું પ્રદર્શન યોજાયું હતું અને એસ.વી. આર્ટસ કોલેજના પ્રિન્સિપાલ ડો. જગદીશ ચૌધરીએ વ્યાખ્યાન આપ્યું હતું.

બીજા દિવસે સરદાર પટેલ યુનિવર્સિટીના ડો. વસંત પટેલ, ડો. દિલીપભાઈ ચૌધરી અને પૂર્વ જીપીએસસી ચેરમેન હસમુખભાઈ જોશીએ સરદારના જીવન અને રાજકીય કારકિર્દી પર વિસ્તૃત માહિતી આપી હતી. ત્યારબાદ યોજાયેલા ટેકનિકલ સેશનમાં વિવિધ શોધપત્રો રજૂ થયા હતા, જેમાં ચેરપર્સન તરીકે ડો. કે. બી. પરમાર, ડૉ. જે. પી. ચૌધરી, ડો. દિલીપ કાતરીયા અને કો-ચેરપર્સન તરીકે ડો. સાહબતસિંહ પટેલ, ડો. કેતન સાચલા, ડો. ગૌતમ ચૌહાણ, ડો. બી. સી. ચૌધરી, ડો. દેવર્ષ પટેલ અને શ્રી રાહુલ કોકણીએ ફરજ બજાવી હતી.સમાપન સમારોહમાં ગોવિંદ ગુરુ યુનિવર્સિટીના રજીસ્ટ્રાર ડો. અનિલ સોલંકી સહિત અન્ય મહેમાનો હાજર રહ્યા હતા.

## કાલોલ બ્રહ્માકુમારી સંસ્થાના 25 વર્ષ પૂર્ણ થતાં ઉજવણી કરાઈ



(પ્રતિનિધિ) કાલોલ, તા.16

કાલોલ નગરમાં આધ્યાત્મિકતા અને શાંતિનો સંદેશ ફેલાવતી બ્રહ્માકુમારી સંસ્થાના સ્થાપનાના ૨૫ વર્ષ પૂર્ણ થતા ‘રજત જયંતી મહોત્સવ’ અને ‘સન્માન સમારોહ’નું ભવ્ય આયોજન કરવામાં આવ્યું હતું. નગરના પટેલ પાર્ટી પ્લોટ ખાતે યોજાયેલા આ કાર્યક્રમમાં મોટી સંખ્યામાં નગરજનો અને મહાનુભાવો ઉમટી પડ્યા હતા. મુખ્ય અતિથિઓની ઉપસ્થિતિઆ મહોત્સવમાં પંચમહાલના સાંસદ રાજપાલસિંહ જાદવ અતિથિ વિશેષ તરીકે ઉપસ્થિત રહ્યા હતા. કાર્યક્રમની ગરિમા વધારવા માટે વડોદરાના ડૉ. નિરંજનાબેન, મહાદેવ નગર સબ ઝોનના સંચાલિકા ચંદ્રિકાબેન તેમજ કાલોલ બ્રહ્માકુમારી કેન્દ્રના વર્ષાબેન તેમજ હરદીપ ઉપાધ્યાય ખાસ હાજર રહ્યા હતા. હસમુખભાઈ મકવાણા પ્રમુખ કાલોલ નગરપાલિકા મહિદિપસિંહ ગોહિલઃ પ્રમુખ ભાજપ મંડળ, ભાજપ સંગઠન બી નરેન્દ્રસિંહ ગોહિલ જિલ્લા મંત્રી, ડૉ. યોગેશ પંડ્યા અને નગરના કોર્પોરેટરો તેમજ સંગઠનના અગ્રણીઓ હાજર રહ્યા હતા ૨૫ વર્ષની સેવાની સફરને યાદ કરતા આ કાર્યક્રમમાં આધ્યાત્મિક પ્રવચન અને સન્માન વિધિ યોજાઈ હતી.

### પાલિકાની બેદરકારીનો ભોગ સામાન્ય લોકો બને છે : નાગરિકો

## કાલોલના ગધેડી ફળિયા પાસે ખુલ્લી ગટરમાં મોટરસાયકલ ચાલક ખાબક્યો

(પ્રતિનિધિ) કાલોલ, તા.16

કાલોલ નગરના ગધેડી ફળિયા પાસે બસ સ્ટેશન હાઈવે તરફ જતા મુખ્ય માર્ગ પર નગરપાલિકાની ઘોર બેદરકારી સામે આવી છે. અહીં રોડની બાજુમાં આવેલી ખુલ્લી ગટરના મોટા ખાડામાં આજે સાંજના સુમારે એક પીઢ મોટરસાયકલ સવાર ખાબકતા અરેરાટી વ્યાપી ગઈ હતી.

સદનસીબે સ્થાનિકોની સતર્કતાને કારણે મોટી જાનહાનિ ટળી હતી.સ્થાનિકોએ જીવના જોખમે ચાલકને બહાર કાઢ્યોસાંજના સમયે જ્યારે ટ્રાફિકની અવરજવર વધુ હતી, ત્યારે એક મોટરસાયકલ ઉપર સવાર અંદાજે ૫૦ થી



૫૫ વર્ષીય.ચાલક અચાનક આ ખુલ્લા ખાડામાં પડી ગયા હતા. ઘટનાને પગલે આસપાસના લોકોના ટોળેટોળા ઉમટી પડ્યા હતા. સ્થાનિક રહીશોએ તાત્કાલિક દોડી જઈ ભારે જહેમત બાદ મોટરસાયકલ સહિત ચાલકને સુરક્ષિત બહાર કાઢ્યો હતો. વારંવાર બનતી ઘટનાઓથી લોકો પરેશાનસ્થાનિક લોકોના જણાવ્યા અનુસાર, આ માર્ગ બસ સ્ટેશન અને હાઈવેને જોડતો હોવાથી સતત વ્યસ્ત રહે છે. આ ખુલ્લી ગટરમાં અગાઉ પણ અનેકવાર રખડતી ગાયો અને અન્ય વાહનચાલકો ખાબક્યા હોવાની ઘટનાઓ બની ચૂકી છે. તેમ છતાં પાલિકા તંત્ર દ્વારા આ જોખમી ખાડાને પુરવા કે તેના પર સુરક્ષા કવચ મૂકવા બાબતે કોઈ નક્કર કામગીરી કરવામાં આવી નથી. આ ઘટનાને પગલે નગરજનોમાં નગરપાલિકા સામે ભારે રોષ જોવા મળી રહ્યો છે.

### દાહોદ શહેરમાં ભરવાડ વાસ સામેની ભર બપોરની ઘટના

## એક અજાણ્યા પુરુષ તથા મહિલા ઠગ મહિલાના મોઢા પર પાણી છાંટી રૂ.78 હજારની મતા ભરેલી થેલી લઈ ફરાર

(પ્રતિનિધિ) ગોધરા, તા.16

દાહોદ શહેરના ભરવાડ વાસ સામેથી પસાર થઈ રહેલી એક ૪૨ વર્ષીય મહિલાને એક પુરુષ તથા એક મહિલા ઠગે રસ્તામાં રોકી ગામમાં ખરાબ માણસો ફરે છે. તમારી પાસે પહેરેલ સોના ચાંદીના દાગીના તેમજ અન્ય ચીજ વસ્તુ થેલીમાં મૂકી દો કહી તે મહિલા પર પાણી જેવું છાંટી રૂપિયા ૭૩ હજારની કિંમતના સોના ચાંદીના દાગીના તથા રૂપિયા ૫૦૦૦/- ની કિંમતનો મોબાઈલ મળી રૂપિયા ૭૮ હજારની મત્તા ભરેલ થેલી લઈ તે બંને ઠગો ફરાર થઈ ગયાનું પોલીસ સુત્રો દ્વારા જાણવા મળ્યું છે. તારીખ ૧૩-૩-૨૦૨૬ ના રોજ બપોરના બાર વાગ્યાના સુમારે દાહોદ શહેરના ગોધરા રોડ પર આવેલ નવરંગ સોસાયટીમાં જેની શેઠના મકાનમાં ભાડે રહેતા ૪૨ વર્ષીય |સોનલબેન સુરેશભાઈ દલસિંગભાઈ ડામોર ગોધરા રોડ ભરવાડવાસ સામેથી પસાર થઈ રહ્યા હતા. તે દરમિયાન એક અજાણ્યો પુરુષ અને એક અજાણી મહિલા એમ બંને જણાએ સોનલબેન ડામોરને રસ્તામાં રોકી, ‘ગામમાં ખરાબ માણસો ફરે છે આ તમારી પાસે પહેરેલ મંગલસૂત્ર સહિતના સોના ચાંદીના દાગીના કાઢીને થેલીમાં મૂકી દો. એમ કહી વિશ્વાસમાં લઈ સોનલબેના મોઢા પર પાણી જેવું કોઈ પ્રવાહી છાંટી દેતા સોનલબેને રોડની સાઈડમાં જઈ પોતે કાનમાંમાં પહેરેલ રૂપિયા ૨૦ હજારની કિંમતની સોનાની નાની વાળી નંગ-૪, રૂપિયા ૧૦૦૦/-ની કિંમતનો નાકમાં પહેરેલ સોનાનો કાંટો, રૂપિયા ૫૦ હજારની કિંમતનું ગળામાં પહેરેલ સોનાના પેન્ડલવાળું મંગળસૂત્ર, રૂપિયા ૨૦૦૦/-ની કિંમતની ચાંદીની વીંછુડી નંગ-૨ મળી કુલ રૂપિયા ૭૩ હજારની કિંમતના સોના ચાંદીના દાગીના તેમજ રૂપિયા ૫૦૦૦/-નીકિંમતનો લાવા કંપનીનો એન્ડ્રોઈડ મોબાઈલ ફોન મળી કુલ રૂપિયા ૭૮૦૦૦/-ની મતતા કાઢી થેલીમાં મૂકી દીધી હતી. તે દાગીના ભરેલ થેલી અજાણ્યો પુરુષ અને અજાણી મહિલા સોનલબેન ડામોર પાસેથી લઈને ફરાર થઈ ગયા હતા.

## શ્રી ગોવિંદ ગુરુ યુનિવર્સિટી ખાતે આદિવાસી સંસ્કૃતિ પર રાષ્ટ્રીય પરિસંવાદ યોજાયો

(પ્રતિનિધિ) ગોધરા, તા.16

ગોધરા સ્થિત શ્રી ગોવિંદ ગુરુ યુનિવર્સિટી ખાતે ગોવિંદગુરુ ટ્રાઈબલ ચેર અને ગુજરાત સાહિત્ય અકાદમી, ગાંધીનગરના સંયુક્ત ઉપક્રમે ગુજરાતની આદિવાસી સંસ્કૃતિનું સાહિત્ય, કલા, સંરક્ષણ, પ્રચાર અને ભવિષ્યની દિશા વિષય પર એક દિવસીય રાષ્ટ્રીય પરિસંવાદ યોજાયો હતો. આ કાર્યક્રમના અધ્યક્ષસ્થાનેથી યુનિવર્સિટીના કુલપતિ પ્રોફેસર ડૉ.હરિભાઈ કાતરીયાએ આદિવાસી સંસ્કૃતિના દસ્તાવેજીકરણ અને સંરક્ષણ પર ભાર મૂકતાં યુનિવર્સિટી કેમ્પસમાં જ એક અલાયદું આદિવાસી સંશોધન કેન્દ્ર અને મ્યુઝિયમ સ્થાપવાની મહત્વપૂર્ણ જાહેરાત કરી હતી. આ સાથે જ ભવિષ્યના દસ્તાવેજી



પુરાવા તરીકે પરિસંવાદમાં રજૂ થયેલા તમામ સંશોધન પેપરોનું પુસ્તક પ્રકાશિત કરવાનો પણ નિર્ણય લેવામાં આવ્યો હતો. આ પરિસંવાદમાં મુખ્ય વક્તા તરીકે ઉપસ્થિત રહેલા ભાવનગર યુનિવર્સિટીના પૂર્વ કુલપતિ ડૉ. વિદ્યુતભાઈ જોશીએ આદિવાસીઓનો બદલાતો રંગપટ વિષય પર વક્તવ્ય આપતાં આધુનિકતાના પ્રવાહમાં આદિવાસી સમાજમાં આવી રહેલા પરિવર્તનોની સચોટ ચર્ચા કરી હતી.

### હાલોલની આસપાસના ઝૂંપડપટ્ટી વિસ્તારમાં જરૂરિયાત મંદલોકોને કપડા સહિત જીવન જરૂરિયાત ચીજ વસ્તુનું વિતરણ



**હાલોલ :** હાલોલ ખાતે છેલ્લા કેટલા વર્ષોથી રોટી બેંક દ્વારા જરૂરિયાતમંદોને દર રવિવારે જમવાનું તથા રોજબરોજની વસ્તુઓનું વિતરણ કરવામાં આવે છે ત્યારે ૧૪ માર્ચના દિવસે રોટી બેંક હાલોલ અને શ્રી દશાબાજ વણિક સમાજ વડોદરા દ્વાર હાલોલ ની આસપાસ આવેલી ઝૂંપડપટ્ટીમાં ૧૦૦૦ જોડી કપડા પુરુષોના ૧૦૦૦ જોડી કપડા મહિલાના ૧૦૦૦ જોડી નાના છોકરાના ૧૦૦૦ જોડી કપડા નાની બાળકીઓના ૨૦૦૦ મચ્છરદાની ૨૦૦૦ ગાદલા ૨૦૦૦ ચાદર ૪૦૦૦ નંગ નાહવાના સાબુ અને બાળકો માટે રમકડા સહિત ચીજ વસ્તુઓ જરૂરિયાત મંદોને સેવાભાવ સાથે આપવામાં આવ્યું હતું. જેમાં હાલોલ વીએમ ઇંગ્લીશ મીડીયમ સ્કુલના આચાર્ય રજનીકાંત ધમલ તથા તેઓનો સ્ટાફ અને સ્કૂલના બાળકોને સાથે રાખી બાળકોમાં અવેરનેસ આવે તે માટે તેઓને સાથે રાખી હાલોલ ની અનેક ઝુંપડપટ્ટી વિસ્તારમાં આ ચીજ વસ્તુઓનું વિતરણ કરવામાં આવ્યું હતું.

### પ્રધાનમંત્રી આવાસ યોજના અંતર્ગત મળવાની 19 ,890 મજૂરીથી લાભાર્થીઓ વંચિત હોવાનો આક્ષેપ

## દાહોદના વણઝારિયા ગામે આવાસ તો મળ્યા, પરંતુ મજૂરી નહીં !

વર્ષો વીતી ગયા છતાં મજૂરી ન મળતા ગરીબ લાભાર્થીઓમાં રોષ

(પ્રતિનિધિ) દાહોદ, તા.16

દાહોદ જિલ્લાના સિંગવડ તાલુકાના વણઝારિયા ગામમાં પ્રધાનમંત્રી આવાસ યોજનાના લાભાર્થીઓને આવાસ માટેની રકમ મળી હોવા છતાં મનરેગા યોજના અંતર્ગત મળવાની મજૂરી હજુ સુધી ન મળ્યાનો આક્ષેપ સામે આવ્યો છે. માહિતી મુજબ પ્રધાનમંત્રી આવાસ યોજના હેઠળ લાભાર્થીઓને ઘર બાંધકામ માટે સરકાર તરફથી નાણાંકીય સહાય આપવામાં આવી હતી. પરંતુ મનરેગા યોજના હેઠળ મળવાની




આશરે 19,890ની મજૂરી ઘણા લાભાર્થીઓને હજુ સુધી પ્રાપ્ત થઈ નથી.

લાભાર્થીઓનો આક્ષેપ છે કે વર્ષો વીતી ગયા હોવા છતાં મજૂરીના રૂપિયા મળ્યા નથી. આ રકમ સરકાર તરફથી જ આપવામાં આવી નથી કે કોઈ અન્ય વ્યક્તિએ ઉપાડી લીધી છે તે અંગે પણ લાભાર્થીઓ અજાણ હોવાનું જણાવે છે. લાભાર્થીઓ જણાવે છે કે આવાસ માટેની 1,20,000ની સહાય તેમને મળી હતી અને તે મુજબ તેમણે ઘરનું બાંધકામ પૂર્ણ કર્યું છે. પરંતુ મનરેગા હેઠળ મળવાની મજૂરી હજુ સુધી આપવામાં આવી નથી.

આ બાબતે લાભાર્થીના પતિ ફતેસિંહભાઈ વણઝારિયાએ જણાવ્યું હતું કે, “અમને આવાસના રૂપિયા તો મળ્યા, પરંતુ મજૂરી મળી નથી. તલાટી સાથે રહેતા ફુલસિંગભાઈને પૂછતાં તેમણે કહ્યું કે તમારો સમય નીકળી ગયો હોવાથી હવે મજૂરી મળશે નહીં.” તે જ રીતે આવાસ યોજનાની અન્ય લાભાર્થી સુમિત્રાબેન વિનોદભાઈએ જણાવ્યું હતું કે, “આવાસ માટેના નાણાં મળ્યા, પરંતુ બાંધકામની મજૂરી મળી નથી. ગામના ચૌહાણ ફળિયામાં રહેતા રામુભાઈએ અમારા પરિવારના તમામ દસ્તાવેજો લઈને મજૂરી અપાવીશ એવું કહ્યું હતું, પરંતુ હજુ સુધી કોઈ મજૂરી મળી નથી.

### વડોદરાના યુવકે બે દિવસ અગાઉ ભૂસકો મારતાં મોત થયું હતું

## હાલોલના રામેશરા પાસેની કેનાલમાંથી યુવકનો મૃતદેહ મળી આવ્યો

**ફાયર** ફાયટરની ટીમે સતત બે દિવસ સુધી શોધખોળ હાથ ધરી

(પ્રતિનિધિ) હાલોલ, તા.16

વડોદરાથી પોતાના મિત્ર સાથે આવેલા યુવકએ નર્મદા નહેરમાં કૂદકો માર્યો હતો. ઘટનાની જાણ સાંજે હાલોલ ફાયર વિભાગને થતા તરત જ નહેરમાં યુવકની શોધખોળ શરૂ કરવામાં આવી હતી. પરંતુ અંધારું થતાં કામગીરી બંધ કરવી પડી હતી. ત્યારબાદ રવિવારે પણ ફાયર ટીમ દ્વારા સતત શોધખોળ હાથ ધરવામાં આવી હતી. આ યુવક વડોદરાના વાલ્મિકીનગર વિસ્તારમાં રહેતો રોહિત ઠાકોરભાઈ વસાવા હોવાનું જાણવા મળ્યું છે. પરિવારજનો છેલ્લા બે દિવસથી નહેરમાં કૂદેલા રોહિતની શોધમાં હતા. આજે સોમવારે ખંડીવાળા નજીક નહેરમાં એક મૃતદેહ જોવા મળતા હાલોલ ફાયર ટીમે તેને બહાર



કાઢ્યો હતો. પરિવારજનો દ્વારા મૃતદેહની ઓળખ રોહિત વસાવા તરીકે કરવામાં આવી હતી. ઘટનાની જાણ થતાં જ જરોદ પોલીસ ઘટના સ્થળે પહોંચી આગળની કાયદેસરની કાર્યવાહી હાથ ધરી છે. માહિતી મુજબ રોહિતના થોડા સમય પહેલાં જ લગ્ન થયા હતા અને તેને પાંચ મહિનાનું બાળક હોવાનું પણ જાણવા મળ્યું છે. યુવકના મોતથી પરિવારજનોમાં શોકનો માહોલ છવાયો છે.